મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરના ફળવા ગામે ફટાકડા ફોડવા બાબતે માર મારી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ફળવા ગામે ફટકાડા ફોડવા બાબતે ત્રણ શખ્સોએ ત્રણ વ્યકિતઓને માર મારી જાનથી મારી નાંખવાાની ધમકી આપતા ફરિયાદ નોંધાવવા પામી હતી.

સંતરામપુર તાલુકાના ફળવા ગામે રહેતા પ્રભાતભાઈ નારસીંગભાઈ કટારા, ગણપતભાઈ દલાભાઈ કટારા, તથા રમણભાઈ નારસીંગભાઈ કટારા, આ ત્રણેય બાબુસિંહ કાળુભાઈ વાદીને કહેતા હતા કે, તુ ફટાકડા કેમ ફોડતો હતો તેમ કહી ગાળો બોલતા બાબુભાઈએ ગાળો બોલવાની ના પાડતા આ ત્રણેય જણાએ બાબુભાઈને માર માર્યો હતો. તે વખતે બુમાબુમ કરતા બાબુભાઈની પત્નિ નાનીબેન દોડી આવતા તેમને પણ ગડદાપાટુનો માર માર્યો હતો. તથા બાબુભાઈની બીજી પત્નિ ગલાલીબેન આવતા પ્રભાતભાઈ નારસીંગભાઈએ ગલાલીબેનને માથામાં મારી દીધુ હતુ. આ ત્રણેય જણાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સદર બનાવની જાણ બાબુભાઈ કાળુભાઈ વાદીએ ફરિયાદ કરતા સંતરામપુર પોલીસે ઉપરોકત ત્રણેય વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# જયરામે ગુજરાતમાં પાર્ટીની હારનું ઠીકરું સ્થાનિક નેતા પર ફોડ્યું, કઠોર પગલાનો લેવાનો સમય આવી ગયો

નવીદિલ્હી, ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસના સુપડાં સાફ કરી નાંખ્યા છે અને કોંગ્રેસને કુલ ૧૮૨ બેઠકોમાંથી ૧૭ બેઠકો મળી છે. વર્ષ ૨૦૧૭માં ૭૭ બેઠકો મેળવનાર કોંગ્રેસનું પ્રદર્શન આ વખતે સાવ કંગાળ રહ્યું છે. ગામડાઓ અને આદિવાસી વિસ્તારો કોંગ્રેસના ગઢ ગણાતા હતા પરંતુ, ભાજપે આ બેઠકો પણ છીનવી લીધી છે. ગુજરાતમાં કોગ્રેસની શરમજનક હારના કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ચૂંટણીમાં હાર પછી દર વખતે ઈવીએમનું કારણ આગળ ધરી દેનાર કોંગ્રેસે આ વખતે ઈવીએમના નામનો હોબાળો કર્યો નથી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેની હાર માટે રાજ્યના નેતૃત્વને જવાબદાર ઠેરવતા, કોંગ્રેસે શુક્રવારે જણાવ્યું હતું કે ચૂંટણીનું પ્રદર્શન 'અત્યંત નિરાશાજનક' રહ્યું છે અને સ્થાનિક નેતૃત્વ પર કઠોર નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે એમ પણ કહ્યું કે, વિધાનસભા ચૂંટણીમાં કેન્દ્રીય નેતાઓ ભલે ગમે તેટલો પ્રચાર કરે, પરંતુ આખરે લોકો સ્થાનિક નેતૃત્વને જોઈને જ નિર્ણય લેતા હોય છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે એવો પણ દાવો કર્યો હતો કે ગુજરાતમાં કોંગ્રેસની લડાઈ ભારતીય જનતા પાર્ટી તેમજ એઆઈએમઆઈએમ અને આમ આદમી પાર્ટી સાથે પણ હતી. તેમણે કહ્યું, ગુજરાતના ચૂંટણી પરિણામો અત્યંત નિરાશાજનક છે. અમને આની અપેક્ષા ન હતી. ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કોઈ સ્પર્ધા નહોતી. અહીં એક તરફ ભાજપ અને એઆઈએમઆઈએમનું ગઠબંધન હતું અને બીજી તરફ કોંગ્રેસ હતી.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોની સંસ્થાઓ ભાજપને મદદ કરવામાં લાગેલી હતી. અમે ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ પગલાં લેવાયા નહોતા.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની જોડી પણ ગુજરાતમાં લાગેલી હતી. આચાર સંહિતાનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું.

જયરામે કહ્યું કે, આ વખતે અમારો વોટ શેર ૨૭ ટકા રહ્યો. જે ૪૦ ટકાથી ઘટીને આટલો નીચે આવ્યો. ૪૦ ટકા સુધી વોટ શેર પહોંચી શકે તેમ હતો. તેમણે કહ્યું કે, અમે કોઈ બહાના નથી બનાવી રહ્યા. આ આત્મચિંતન કરવાનો સમય છે, એકજૂટ થવાનો સમય છે.નવું નેતૃત્વ લાવવાનો સમય છે. તેમણે કહ્યું કે હવે સ્થાનિક નેતાઓને લઈને કઠોર નિર્ણય લેવા પડશે, કારણકે પ્રચાર અભિયાન પ્રદેશ નેતાગીરીએ ચલાવ્યું હતું.

ભારત જોડો યાત્રાના સવાલ પર જયરામ રમેશે કહ્યું હતું કે આ યાત્રા અલગ છે અને ચૂંટણી અલગ વાત છે. કેન્દ્ર ગમે તેટલો પ્રચાર કરે, પરંતુ લોકો સ્થાનિક નેતાને ઓળખીને વોટ આપતા હોય છે.

# ભારતીયોની વિદેશ ઘેલછા, ૧૦ વર્ષમાં ૧૬ લાખ અને આ વર્ષે ૧,૮૩,૭૪૧ લોકોએ દેશ છોડ્યો

નવીદિલ્હી, ભારતીયો તેમની ભારતની નાગરિકતા છોડી રહ્યા છે અને અન્ય દેશોમાં સ્થાયી થઈ રહ્યા છે. આ અંગે સરકારે સંસદમાં ચોંકાવનારો આંકડો રજૂ કર્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૧.૬ મિલિયન એટલે કે ૧૬ લાખ લોકોએ ભારતીય નાગરિકતા છોડી દીધી છે. આ વર્ષે ૩૧ ઓક્ટોબર સુધીમાં ૧,૮૩,૭૪૧ ભારતીયોએ તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો છે. લોકસભામાં વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને આ માહિતી આપી હતી. કોંગ્રેસના સાંસદ દ્વારા ૨૦૧૫થી કેટલા ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી છે તે અંગે પૂછવામાં આવતા – મંત્રીએ છેલ્લા આઠ વર્ષના આંકડા રજૂ કર્યા.

વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને કહ્યું કે, ૨૦૧૫માં ૧૩૧,૪૮૯ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી હતી. આ સિવાય ૨૦૧૬માં ૧૪૧,૬૦૩, ૨૦૧૭માં ૧૩૩,૦૪૯, ૨૦૧૮માં ૧૩૪,૫૬૧, કોરોના મહામારી પહેલા ૨૦૧૯માં ૧૪૪,૦૧૭ ભારતીયો વિદેશ ગયા હતા. આ પછી, ૨૦૨૦માં, ૮૬,૨૫૬ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી. તે જ સમયે, રોગચાળાના અંત પછી, ૨૦૨૧માં, આ આંકડો ૧.૫ લાખને વટાવી ગયો અને ૧,૬૩,૩૭૦ પર પહોંચી ગયો. હવે ૨૦૨૨માં, ઓક્ટોબર મહિના સુધી, ૧,૮૩,૭૪૧ ભારતીયો દેશ છોડી ગયા છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૧૧માં આ આંકડો ૧,૨૨,૮૧૯, ૨૦૧૨માં ૧૨૦,૯૨૩, ૨૦૧૩માં ૧૩૧,૪૦૫ અને ૨૦૧૪માં ૧૨૯,૩૨૮ હતો. જો મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડાઓ ઉમેરીએ તો ખબર પડે છે કે ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૧.૬ મિલિયન એટલે કે ૧૬ લાખ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી છે અને વિદેશમાં સ્થાયી થયા છે. કોંગ્રેસ સાંસદે એ પણ પૂછ્યું હતું કે, વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયોએ દેશમાંથી કેટલા પૈસા લીધા છે, મંત્રીએ કહ્યું કે, મંત્રાલય પાસે તેના આંકડા નથી.

વિદેશ રાજ્યમંત્રી મુરલીધરને એ પણ માહિતી આપી હતી કે, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના નાગરિકો સિવાયના ૨૦૧૫માં ૯૩, ૨૦૧૬માં ૧૫૩, ૨૦૧૭માં ૧૭૫, ૨૦૧૮માં ૧૨૯, ૨૦૧૯માં ૧૧૩, ૨૦૨૦માં ૨૭, ૨૦૨૧માં ૪૨ અને ૨૦૨૨માં માત્ર ૬૦ વિદેશી નાગરિકો એ ભારતની નાગરિકતા મેળવી હતી. આ દરમિયાન, ભાજપના સાંસદ રાહુલ કાસવાન દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, વિદેશ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, હજારો ભારતીયો છે જેઓ વિદેશની જેલમાં બંધ છે અને સજા કાપી રહ્યા છે.

# છત્તીસગઢ કોલસા કૌભાંડમાં ૧૫૨ કરોડની મિલ્કતો જપ્ત કરાઈ

નવીદિલ્હી, છત્તીસગઢમાં કોલસાના પરિવહન કેસમાં કરોડોની કટકી કરવાના કેસમાં ધરપકડ કરાયેલા રાજ્યના મુખ્યમંત્રીના ડે. સેક્રેટરી સૌમ્યા ચૌરસિયા અને આઈએએસ અધિકારી સમીર વિશ્નોઈની માલિકીની કુલ રૂ. ૧૫૨.૩૧ કરોડની મિલ્કતો જપ્ત કરાઈ છે. જપ્ત કરાયેલી સંપત્તિમાં ફ્લેટ્સ, જ્વેલરી, રોકડ, કોલ વોશરિઝ અને જમીનના પ્લોટ્સ વગેરે હોવાનું ઈડીએ જણાવ્યું છે.

ઈડી દ્વારા મની લોન્ડિંગ એક્ટ હેઠળ ધરપકડ કરાયેલા બંને અધિકારીઓની આશરે ૯૧ જેટલી અચળ સંપત્તિ જપ્ત કરવા માટે કામચલાઉ આદેશ જારી કરાયો હતો.

જપ્ત કરાયેલી સંપત્તિમાં કોલસાના વેપાર અને આ કેસના મુખ્ય સૂત્રધાર સૂર્યકાંત તિવારીની ૬૫ સંપત્તિ, ચૌરસિયાની ૨૧ પ્રોપર્ટી, મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ)માં તૈનાત રાજ્ય વહીવટી સેવાના શક્તિશાળી અમલદાર, અને ૨૦૦૯ ની બેચના આઈએએસ અધિકારી સમીર વિશ્નોઈની પાંચ સંપત્તિઓ ઉપરાંત છત્તીસગઢના અન્ય કોલસા ઉદ્યોગપતિ સુનિલ અગ્રવાલની સંપત્તિનો સમાવેશ થાય છે. આ મિલ્કતોમાં રોકડ, ઝવેરાત, ફ્લેટ્સ, કોલસાની વોશરીઝ અને છત્તીસગઢમાં સ્થિત જમીનના પ્લોટનો સમાવેશ થાય છે, એમ ઈડીએ જણાવ્યું હતું.

# ગરબાડા દાહોદ નેશનલ હાઈવે પર ખરજ નજીક બે બાઈકો વચ્ચે અકસ્માત


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા, ગરબાડા તાલુકાના દાહોદ ગરબાડા નેશનલ હાઈવે પર અવારનવાર વાહન ચાલકોની બેદરકારી અને ગફલત ના લીધે અકસ્માતો સર્જાતા હોય છે. જેમાં આજે વધુ એક અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માત ખરજ નજીક સર્જાયો હતો. જેમાં બે બાઈકો સામસામે અથડાતા બાઈક પર સવાર વ્યક્તિઓને ઈજાઓ ગંભીર પહોંચી હતી અકસ્માતની જાણ થતા સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્તોને સારવાર માટે રવાના કરાયા હતા. ઉલ્લેખનીય છે કે દાહોદ ગરબાડા રોડ ઉપર ધૂમ સ્ટાઈલમાં બાઈકો ચલાવવાનું ચલણ ખૂબ જ વધી ગયું છે પોલીસ તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને આવા તત્વો પાસે વાહન ચલાવવા માટેનું લાયસન્સ છે કે નહીં તે સિવાય અન્ય દસ્તાવેજી પુરાવો છે કે નહીં તેની સાધન તપાસ કરવામાં આવે છે. તે બાબત જરૂરી બની છે અહીંયાના વિસ્તારમાં વાહન ચાલકો નીતિ નિયમોને નેવી મૂકી ચૂક્યા હોય તેમ લાગી રહ્યું છે, તેમને પૂછવાનું કોઈ જ નથી.

# દે.બારીઆના નાનીઝરી ગામે ઘાસમાં આગ લાગતા જુનુ મકાન બળીને ખાખ

દાહોદ, દે.બારીઆ તાલુકાના નાનીઝરી ગામે જુના મકાનના માળિયામાં ભરી રાખેલ ઘાસમાં સળગતો ફટાકડો પડતા લાગેલી આગમાં જુનુ મકાન સંપુર્ણ બળીને ખાખ થઈ જવા પામ્યુ હતુ. નાનીઝરી ગામે ભગત ફળિયામાં રહેતા ગણપતભાઈ પટેલના જુના મકાનના માળિયામાં ભરી રાખેલ ઘાસમાં સળગતો ફટાકડો ઉડીને પડતા ઘરના માળિયામાં મુકેલ ઘાસમાં આગ લાગતા જુના ઘરમાં પ્રસરીને પ્રચંડ બની જતા ઘરનો લાકડાનો કાટમાળ, સરા, વળિયો, ટેકીઓ પાટડા તથા ઘરવખરી સામાન બળીને ખાખ થઈ જતા અને ઘરના નળિયા પણ ગરમ થઈ તુટી જતા આગમાં આશરે બે લાખનુ નુકસાન થવા પામ્યુ હતુ.

# ઝાલોદ ફાયનાન્સ કંપનીની ઓફિસમાં તાળુ તોડી તસ્કરોએ ૮૯ હજારની ચોરી કરી જતાં ખળભળાટ

ઝાલોદ, ઝાલોદ નગરના નવાઘરા ફળિયામાં આવેલી ફાયનાન્સ કંપનીની ઓફિસના તાળા તોડીને તસ્કરો તિજોરીમાંથી કલેકશનના ૮૯,૭૫૦/-રૂપિયાની ચોરી કરી જતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ઝાલોદના નવાઘરા ફળિયામાં દિનેશભાઈ ભુનાતરના મકાનમાં ભાડેથી સ્પંદનના સ્કુર્તિ ફાયનાન્સ કંપની બ્રાન્ચ ૧૯ મહિના પહેલા શરૂ કરાઈ હતી. ઓફિસમાં પંચમહાલના ખોજલવાસા ગામના વતની મેનેજર મહેશકુમાર વણઝારા સહિત ૮ કર્મચારીઓ ફરજ બજાવે છે. ૧૯મી નવેમ્બરની સાંજે ઓફિસ બંધ થયા બાદ રાતના સમયે તસ્કરોએ ઓફિસનુ તાળુ તોડીને પ્રવેશ કર્યો હતો અને તમામ સામાન વેરવિખેર કરીને લોખંડના નાના લોકરને પણ તોડીને તેમાં મુકી રાખેલ કલેકશનના કુલ ૮૯,૭૫૦/-રૂપિયાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે મકાન માલિકે તુટેલા તાળા જોઈને મેનેજર મહેશકુમારને જાણ કરતા તપાસ બાદ ઓફિસમાંથી રોકડા રૂપિયાની ચોરી થઈ હોવાનુ સામે આવ્યુ હતુ. શોધખોળ બાદ પણ તસ્કરોનો કોક્ષદઈ પત્તો મળ્યો ન હતો. આ અંગે મહેશકુમારની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી હતી.

# ગરબાડાના જેસાવાડા ગામે દાવા પેટે આપેલ નાણાંની લેવડ દેવડમાં છોટા હાથીમાં એમ.પી.ના ઈસમોએ એક વ્યકિતનું અપહરણ કર્યું

દાહોદ, દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે દાવા પેટે આપેલ નાણાંની લેવડ દેવડ મામલે મધ્યપ્રદેશના ત્રણ ઈસમોએ છોટા હાથી લોડીંગ ટેમ્પામાં એકનું અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા. ૦૯મી ડિસેમ્બરના રોજ મધ્યપ્રદેશના કાળીયા પીટોલ ગામે રહેતાં નરેશભાઈ જોગડાભાઈ મેડા તથા તેમની સાથેના અન્ય બે જેટલા ઈસમો દાહોદ જિલ્લામાં આવ્યાં હતાં અને ગરબાડા તાલુકાના બાંવકા ગામે નાનીનાડ ફળિયામાં રહેતાં નરેશભાઈ હિરકાભાઈ અમલીયાર પાસે આવ્યાં હતાં અને અમારે કતવારા ગામેથી અભલોડ ગામે જનરેટર મશીન લાવવાનું છે, તેમ કહી રૂા. ૬૦૦માં ભાડુ નક્કી કરી નરેશભાઈને તેમના છોટા હાથી લોડીંગ ટેમ્પાની સાથે લઈ જેસાવાડા મુકામેથી નરેશભાઈનું ઉપરોકત ત્રણેય ઈસમોએ અપહરણ કરી લઈ નાસી ગયાં હતાં અને નરેશભાઈના ભાઈ કાળુભાઈને કહેલ કે, અમારા દાવા પેટે આપેલ રૂા. ૨,૧૦,૦૦૦ આપી જાઓ અને તમારા ભાઈને છોડાવી લઈ જાઓ, તેમ કહી એકબીજાની મદદગારી કરી નરેશભાઈનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે કાળુભાઈ હિરકાભાઈ અમલીયારે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના બૈણા ગામે ખેતીવાડી વીજપ્રવાહ બંધ રહેતા ખેતીને નુકસાન

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાના બૈણા ગામે ખેતીવાડીનો વીજ પ્રવાહ બંધ રહેતા ખેડુતોને પાણી વગર ખેતીમાં નુકસાન થાય તેમ અનેક રજુઆતો છતાં કોઈ કાર્યવાહી ન થતાં ખેડુતો ચિંતિત બન્યા છે.

ગત ચોમાસાની સીઝનમાં સમયસર વરસાદ નહિ થતાં ખેડુતોને મોટુ નુકસાન થયુ છે. ખેડુતો ચોમાસાની ખોટની કસર શિયાળાની ખેતીમાં કાઢવા માટે હાલમાં જોતરાયા છે. કુવા, બોર, નદી–નાળા તેમજ કયાંક સિંચાઈના પાણીથી અહિંના ખેડુતો ખેતી કરે છે. હાલમાં બૈણા ગામના વચલા ફળિયામાં હાલ એજીની લાઈન એટલે કે ખેતીવાડીની લાઈનમાં ફોલ્ટ થતાં ત્યાંના ખેડુતો દ્વારા વીજ કંપનીને અનેક રજુઆતો કરવા છતાં પણ અહિં વીજપ્રવાહ હજુ સુધી ચાલુ કરવામાં આવ્યો નથી. આ વીજ લાઈન ઉપરથી ૧૫ જેટલા વીજ ગ્રાહકોની હાલત કફોડી બની છે. વીજ પ્રવાહ વગર પાણીની મોટરો ચાલુ ન થતાં ખેતરોમાં પાણી કેવી રીતે મુકવુ જેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. હાલ ખેતરોમાં રહેલો પાક પીળો પડી કયાંક સુકાવા લાગ્યો છે. આ વીજ લાઈનનુ સમારકામ વહેલી તકે હાથદારી વીજપ્રવાહ શરૂ કરવામાં આવે તેવી ખેડુતોની માંગ ઉઠવા પામી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે.

વૃષભ : ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુન : સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્ક : પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે અને ગૌણ કર્મચારીઓનો આદર અને ટેકો પણ પૂરતો રહેશે.

સિંહ : વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે અને ઝડપથી અનિયંત્રિત વલણો તરફ આકર્ષિત થઈ શકે છે.

કન્યા : રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. વિદેશમાં રહેતા સ્વજનો તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે.

તુલા : કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

વૃશ્ચિક : દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

ધનુ : વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. કાયદાકીય સંબંધિત બાબતોમાં મન જીતીને ખુશ રહેશે.

મકર : આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો. સામાજિક ક્ષેત્રમાં તમારી ક્રિયાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

કુંભ : ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

મીન : વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ. નાની સમસ્યામાં પણ ડોકટરોની સલાહ લેતા રહો. સાંજનો સમય દેવ-દર્શનમાં વિતાવશો.

# હિમાચલમાં સુખવિંદર સિંહ સુક્ખુ મુકેશને મુખ્યમંત્રી અને અગ્નિહોત્રીને નાયબ મુખ્યમંત્રી તરીકેના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર શપથ લેવડાવ્યા



શિમલા, હિમાચલના નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ આજે બપોરે ૧.૩૦ વાગ્યે શિમલાના રિજ મેદાનમાં મુખ્યમંત્રી પદના સોંગદ લીધા હતાં કોંગ્રેસે છેલ્લી ઘડીએ મુખ્યમંત્રીની સાથે નાયબ મુખ્યમંત્રી પદની જાહેરાત કરવામાં આવતા મુકેશ અગ્નિહોત્રીને નાયબ મુખ્યમંત્રી તરીકેના સોગંદ રાજયપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે લેવડાવ્યા હતાં આ શપથ ગ્રહણ સમારોહમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત સુક્ખુના માતા અને હિમાચલ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ પ્રતિભા સિંહ સહિત નેતાઓ કાર્યકર્તાઓ માટે સંખ્યામાં હાજર રહ્યાં હતાં પ્રિયંકાએ મુખ્યમંત્રીના દાવેદાર પ્રતિભા સિંહને પોતાની બાજુમાં બેસાડ્યા હતા. હિમાચલના નવા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુના માતા સંસાર દેવીએ પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. જ્યારે રાહુલ ગાંધીને ખબર પડી કે તેઓ મંચની સામે બેઠા છે, ત્યારે તેમણે તેમને મંચ પર બોલાવ્યા અને તેમની સાથે મુલાકાત કરી હતી. પ્રિયંકા ગાંધીએ સુક્ખુના માતાને ગળે મળ્યા હતા અને તેમને સ્ટેજ પર પોતાની પાસે બેસાડ્યા હતા.

મુખ્યમંત્રી બન્યા બાદ ઠાકુર સુખવિંદર સિંહે સૌપ્રથમ રાજ્ય અધ્યક્ષ પ્રતિભા સિંહને શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું હતું. સુખુએ કહ્યું કે હું પછી મુખ્યમંત્રી છું, પહેલાં પાર્ટી સર્વોપરી છે, પ્રતિભા સિંહ મારા આદર્શ છે. પ્રતિભા સિંહે કોઈપણ પ્રકારના અણબનાવની વાતને ખોટી ગણાવી હતી. પ્રતિભા સિંહે કહ્યું કે હિમાચલમાં સ્થિર સરકાર બનશે. અમે એક થઈને કામ કરીશું. પ્રતિભા મુખ્યમંત્રી પદના દાવેદાર હતા. તેમણે સુક્ખુના નામ સાથે નારાજ હોવાનું પણ કહેવામાં આવી રહ્યું હતું. સુક્ખુને મળ્યા બાદ તેમણે કહ્યું કે તેમના પુત્ર વિક્રમાદિત્ય સિંહને મંત્રી બનાવવાનું લગભગ નિશ્ચિત છે.સોગંદવિધિને કારણે સવારે ૧૧ વાગ્યા પછી રિજ ગ્રાઉન્ડ તરફ જતો રસ્તો સીલ કરી દેવામાં આવ્યો હતો રિજ અને મોલ રોડ પર બેરિકેડીંગ કરવામાં આવી હતી કોંગ્રેસ માટે આ ખાસ તક છે, કારણ કે ૨૦૧૮ પછી દેશના કોઈપણ રાજ્યમાં કોંગ્રેસને પહેલીવાર પૂર્ણ બહુમતી મળી છે. એટલા માટે પાર્ટી પોતાની તાકાતનું પ્રદર્શન કરીને શિમલાથી આખા દેશને સંદેશ આપવાનો પ્રયાસ કરી રહી છે. જો કે, પાર્ટીને શક્તિ પ્રદર્શન માટે ઘણો ઓછો સમય મળ્યો છે, કારણ કે મુખ્યમંત્રીના ચહેરાના ૧૯ થી ૨૦ કલાકમાં શપથ ગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો છે. જો પાર્ટીના સૂત્રોનું માનીએ તો, શિમલા અને સોલનને અડીને આવેલા મતવિસ્તારના ધારાસભ્યોને પબ્લિક ભેગી કરવા સૂચના આપવામાં આવી છે.મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ ચોથી વખત અને મુકેશ અગ્નિહોત્રી પાંચમી વખત વિધાનસભા પહોંચ્યા છે. અગાઉ, સુક્ખુ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ, એનએસયુઆઈના પ્રમુખ, શિમલામાં એમસીના બે વખત કોર્પોરેટર, યુથ કોંગ્રેસના પ્રમુખ અને ૨૦૨૨ માં ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તે જ સમયે, પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના પુત્ર વિક્રમાદિત્ય સિંહ બીજી વખત ચૂંટાઈને વિધાનસભામાં પહોંચ્યા છે, જ્યારે મુકેશ અગ્નિહોત્રી પાંચમી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. આ ચૂંટણીઓમાં કોંગ્રેસે ૬૮માંથી ૪૦ બેઠકો જીતી છે અને પરિવર્તનનો દાવો કરનાર ભાજપ ૨૫ બેઠકો પર આવી ગયું છે. હાઈકમાન્ડની મહોર મળતાં શનિવારે સાંજે વિધાનસભામાં યોજાયેલી વિધાનસભ્ય દળમાં સુખવિંદર સિંહ સુક્ખુને મુખ્યમંત્રી જાહેર કરવામાં આવ્યા હતા.પ્રતિભા સિંહ મંડી સીટથી સાંસદ છે. આ કારણે તેમનો દાવો નબળો પડી ગયો. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં, કોંગ્રેસ મંડી જિલ્લામાં ૧૦માંથી માત્ર ૧ સીટ જીતી શકી હતી. આવી સ્થિતિમાં કોંગ્રેસ અહીં પેટાચૂંટણીનું જોખમ લેવા માંગતી નથી. બીજી તરફ જો પ્રતિભાને સીએમ બનાવવામાં આવશે તો તેમણે ધારાસભ્યની ચૂંટણી લડવી પડશે. આવી સ્થિતિમાં કોંગ્રેસ ૨ પેટા ચૂંટણી કરાવવાના મૂડમાં નથી.૫૮ વર્ષીય સુખવિંદર સિંહ કોંગ્રેસનાં સિનીયર નેતા અને નૌદાનથી ધારાસભ્ય છે. તેમને પાર્ટીનાં દિગ્ગજ નેતા વિરભદ્રસિંહનાં આલોચક માનવામાં આવતાં હતાં જેમણે પાંચ દશકથી વધુ સમય હિમાચલની પોલિટિક્સ પર પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકાના સુખસરમાં કરિયાણાની બે દુકાનોમાં રૂા.૨,૭૬,૭૦૦ ની થયેલ ચોરીની સાત દિવસ બાદ ફરિયાદ નોંધાઈ




ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પોલીસની નિષ્ક્રિયતાને કારણે પેધા પડી ગયેલા જાણભેદુ ચોર લોકો સમયાંતરે સુખસરના બંધ મકાનો અને કરિયાણાની દુકાનોને નિશાન બનાવી લાખો રૂપિયાની ચોરી કરી કાંઈક ને કાંઈક સુરાગ મૂકી ફરાર થઈ જઈ રહ્યા છે. છતાં છેલ્લા પાંચેક માસમાં સાત જેટલી જગ્યાએ ચોરી કરી જનાર તસ્કરો સુધી પોલીસ પહોંચી શકી નથી. જેના લીધે નિર્ભય બનેલા ચોર લોકોને મોકળુ મેદાન મળી રહ્યું છે અને ચોરીના બનાવો વધતા જાય છે. ત્યારે પોલીસ ખાતાએ સતર્ક બનવાની સાથે રાત્રિ પેટ્રોલિંગ વધારવાની ખૂબ જ જરૂરીયાત જણાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસર બસ સ્ટેશન વિસ્તાર ના નાનીઢઢેલી રોડ ઉપર આવેલ કરિયાણાની બે દુકાનોમાં ૩ ડિસેમ્બર- ૨૦૨૨ ના રોજ કોઈ જાણ ભેદુ તસ્કરોએ એક દુકાનના ત્રીજા માળે હવા ઉજાસ માટે રાખેલ લોખંડની જાળી કાપી તથા બીજી દુકાનના ત્રીજા માળના કેબિનના લોખંડના દરવાજાને વાળી દઈ તસ્કર લોકો આ બંને દુકાનોમાં પ્રવેશ્યા હતા. તેમાં નગીનભાઈ દિપચંદભાઈ કલાલની કરિયાણાની દુકાનમાં ધાબા ઉપર હવા ઉજાસ માટે રાખેલ લોખંડ ની જાળીના સળિયા કાપી ચોર લોકોએ દુકાનમાં પ્રવેશ કરી કરિયાણાનો સરસ સામાન જેની કિંમત રૂપિયા ૨,૫૫,૨૦૦ તથા રોકડ રૂપિયા ૧૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૫૬,૨૦૦ ની ચોર લોકોએ ચોરી કરેલ.અને આ ચોરી કરવામાં સંડોવાયેલ ત્રણ ચોર લોકો ચોખ્ખી રીતે દુકાનમાં રાખેલા સી.સી.ટી.વી કેમેરામાં કેદ થયેલા છે.

જ્યારે બાજુમાં આવેલ હીરાલાલ મોતીલાલ કલાલની દુકાનના ત્રીજા માળના કેબિનનો લોખંડનો દરવાજો વાળી ચોર લોકો એ દુકાનમાં પ્રવેશ કરી હરિયાણાનો સરસામાન કિંમત રૂપિયા ૧૩,૭૦૦ તથા રોકડ રૂપિયા ૬,૮૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૨૦,૫૦૦ મળી આ બંને દુકાનો માંથી ચોર લોકોએ રૂપિયા ૨,૭૬,૭૦૦ ની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ બંને જગ્યાએ થયેલ ચોરીની ૪ ડિસેમ્બર-૨૦૨૨ ના રોજ સવારના સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. આ થયેલ ચોરી ની સુખસર પોલીસ દ્વારા તાત્કાલિક કોઈ તપાસ કરવામાં આવી નથી કે ડોગ સ્કોડ તેમજ ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ પણ લેવામાં આવેલ નથી.પરંતુ આ બંને જગ્યાએ ચોરી કરનાર તસ્કરો બંને દુકાનોમાં રાખવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરામાં સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યા છે. ત્યારે આ ચોરીમાં સંડોવાયેલા તસ્કરોને શોધવા તે પોલીસ માટે પડકારતો નથી.

ઉપરોક્ત બંને ચોરી થયાના સાત દિવસ બાદ સુખસર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર લોકોની સામે એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ છે. જોકે, પાંચેક માસમાં સુખસરમાં બંધ મકાનો તથા કરિયાણાની દુકાનોમાં સાતેક જગ્યાએ ચોરીના બનાવો બની ચૂકેલા છે.જેમાં અગાઉની ચોરીમાં કરિયાણાની દુકાનમાં ચોરી કરી જનાર તસ્કર દુકાનમાં રાખેલ સી.સી.ટી.વી કેમેરામાં સ્પષ્ટ રીતે જોવાઈ રહ્યો હતો. છતાં તે તસ્કર સુધી પોલીસ આજ દિન સુધી પહોંચી શકી નહીં હોવાનું પણ જાણવા મળે છે. ત્યારે ગામમાં થતી ચર્ચા મુજબ હાલમાં કરિયાણાની દુકાનોમાં ચોરી કરી ફરાર થઈ જનાર અને સી.સી.ટી.વી. ફૂટેજમાં સ્પષ્ટ રીતે જણાઈ આવતા તસ્કરો સુધી પોલીસ પહોંચી શકશે કે કેમ?તે આવનાર સમય જ બતાવશે.

# દાહોદ શહેરમા વધુ એક ચોરીની ઘટનાને અજામ આપી પોલીસને પડકાર ફેકતી વાહન ચોર ટોળકી

દાહોદ,

દાહોદ શહેરના મોટા ઘાંચીવાડા વિસ્તારમાં રાત્રિના અંધારામાં ચોરીના મક્કમ ઈરાદા સાથે ત્રાટકેલી વાહન ચોર ટોળકીએ ઘરના આંગણે પાર્ક પાર્ક કરેલી મોટર સાઈકલની બિન્દાસ પણે ઉઠાતરી કરી લઈ જતા ચકચાર મચી જવા પામી છે. જોકે આ ચોરીની સમગ્ર ઘટના ઘરની બહાર લાગેલા સીસીટીવીમાં થયા કેદ થવા પામી છે.

દાહોદ શહેર સહીત આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસોથી સક્રિય બનેલી વાહન ચોર ટોળકી દિવસેને દિવસે પોલીસ માટે માથાનો દુખાવો સમાન સ્થાપિત થઈ રહી છે. રાત્રિના અંધારામાં બેખોફ બની વાહન ચોરીની ઘટનાને અંજામ આપવા માટે ત્રાટકતી આ વાહન ચોર ટોળકી રાત્રિના અંધારામાં પોલીસની તીસરી આંખ ગણાતા સીસીટીવી કેમેરાઓની ચોકીદારી તેમજ પોલીસના નાઈટ પેટ્રોલિંગ વચ્ચે બિન્દાસ પણે વાહન ચોરીની ઘટનાને અંજામ આપી દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારોને રંજાડી રહી છે સાથે સાથે પોલીસને પડકાર પણ શીખી રહી છે. તારે આવી જ એક વાહન ચોરીની ઘટના દાહોદ શહેરના ઘાંચીવાડા વિસ્તારમાંથી સામે આવી રહી છે. જેમાં રાત્રીના ત્રણ વાગ્યાના આસપાસ મોટા ઘાંચીવાડા વિસ્તારમાં સ્મશાન જવાના માર્ગ ઉપરથી અજાણ્યા બાઈક ચોરો ખુલ્લા મોઢે ઘરના આંગણે પાર્ક કરેલી બજાજ કંપનીની એવેન્જર મોટર સાઈકલની ઉઠાતરી કરતા સીસીટીવીમાં કેદ થયા છે. જેમાં પોલીસની તીસરી આંખ ગણાતા સીસીટીવી કેમેરા તેમજ સ્થાનિક પોલીસની નાઈટ પેટ્રોલિંગના ધજાગરા ઉડાવી બેખોફ બની તોરીની ઘટનાને અંજામ આપવા માટે ખુલ્લા મોઢે CCTV કેમેરાની સામેથી વાહનોની ઉઠાતરી કરતા જોવા મળી રહી છે. ત્યારે તેની સામે ૧૦ મીટરના અંતરમાં પોલીસના હાઈ કોલેટીના HD કેમેરા પણ લાગેલા છે અને તે કેમેરા સામે પણ બિન્દાસ્ત પણે બાઈક ચોર ગેંગ ખુલ્લા મોઢે ઠંડીના ચમકારા વચ્ચે ઘર આંગણે પાર્ક કરેલી મોટર સાઈકલની ઉઠાણતરી કરતી જોવા મળી રહ્યા છે. જેમાં તે ત્રણ લોકોની ત્રિપુટી આજુ બાજુમાં રેકી એક યુવક બાઈકને બહાર કાઢીને રોડ ઉપર લાવે છે. તે બાદ મેન રોડ ઉપર બે તે ગેંગના સાગરીતો રેકી રહ્યા છે અને તે બાદ ત્રણેય બાઈક ચોર મોટર સાઈકલ ઉપર સવાર થઈને દાહોદના ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર નીકળતા રોડ બાઈક ચોરીને લઈ જતા સીસીટીવી કેમેરામાં નજરે પડી રહ્યા છે.જોકે આ બાઈક ચોરીના મામલે ભારે શોધખોળ બાદ પણ તે મોટર સાઈકલ જોવા ના મળતા આજરોજ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવી છે જોકે પોલીસે હાલમાં જાણવા જોગ નોંધી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસના નાઈટ પેટ્રોલિંગ તેમજ નેત્રમ તથા સ્માર્ટ સિટીના કેમેરાઓની ૨૪ કલાક દેખરેખ છતાંય ચોરીના મક્કમ ઈરાદા સાથે ત્રાટકતા આ વાહન ચોર ટોળકી છેલ્લા ઘણા સમયથી દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારોમાં વાહન ચોરીની ઘટનાને અંજામ આપતી આ ટોળકી પોલીસને પડકાર ફેંકી રહી છે. અત્યારે દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારને વાહન ચોરીના ત્રાસથી સ્થાનિક પોલીસ ક્યારે મુક્ત કરાવશે તે સવાલ હાલ પ્રજા માણસમાં ઘર કરી ગયો છે. ત્યારે પોલીસ અધિકારીઓ આ વાહન ચોર ટોળકીને જબ્બે કરવા કોઈ એક્શન પ્લાન બનાવી દાહોદ સહિતના આસપાસના વિસ્તારોને વાહન ચોરીના ત્રાસથી મુક્ત કરાવે તેવી લાગણી અને માંગણી પંચકમાં ફેલાવવા મામી છે.

# ગરબાડા તાલુકાના સહાડા ગામેથી સગીરાનું લગ્નની લાલચે અપહરણ

ગરબાડા,

ગરબાડા તાલુકાના સહાડા ગામેથી એક યુવકે સગીર વયની બાળકીનો લગ્ન કરવાની લાલચે પટાવી ફોસલાવી પ્રેમના પાઠ ભણાવી અપહરણ કરી લઈ ગયા નું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના ચંદલા ગામના બજેસીંગભાઈ છતરાભાઈ ભુરીયાએ સહાડા ગામની ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચે અપહરણ કરીને લઈ જતા સગીરાના વાલીએ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ગરબાડા પોલીસે ચંદલા ગામના બદેસિંગભાઈ છતરાભાઈ ભુરીયા વિરૂદ્ધ અપહરણ તેમજ પોસ્કો અંતર્ગત ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે દાવા પેટે આપેલ નાણાંની લેવડ દેવડ મામલે મધ્યપ્રદેશના ત્રણ ઈસમોએ છોટા હાથી લોડીંગ ટેમ્પામાં એકનું અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા. ૦૯મી ડિસેમ્બરના રોજ મધ્યપ્રદેશના કાળીયા પીટોલ ગામે રહેતાં નરેશભાઈ જોગડાભાઈ મેડા તથા તેમની સાથેના અન્ય બે જેટલા ઈસમો દાહોદ જિલ્લામાં આવ્યાં હતાં અને ગરબાડા તાલુકાના બાંવકા ગામે નાનીનાડ ફળિયામાં રહેતાં નરેશભાઈ હિરકાભાઈ અમલીયાર પાસે આવ્યાં હતાં અને અમારે કતવારા ગામેથી અભલોડ ગામે જનરેટર મશીન લાવવાનું છે, તેમ કહી રૂા.૬૦૦માં ભાડુ નક્કી કરી નરેશભાઈને તેમના છોટા હાથી લોડીંગ ટેમ્પાની સાથે લઈ જેસાવાડા મુકામેથી નરેશભાઈનું ઉપરોક્ત ત્રણેય ઈસમોએ અપહરણ કરી લઈ નાસી ગયાં હતાં અને નરેશભાઈના ભાઈ કાળુભાઈને કહેલ કે, અમારા દાવા પેટે આપેલ રૂા.૨,૧૦,૦૦૦ આપી જાઓ અને તમારા ભાઈને છોડાવી લઈ જાઓ, તેમ કહી એકબીજાની મદદગારી કરી નરેશભાઈનું અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે કાળુભાઈ હિરકાભાઈ અમલીયારે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા તાલુકાના સુખસર ખાતે અંબુજા સિમેન્ટ દ્વારા "ગ્રાહક માર્ગદર્શન કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું




તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

અંબુજા સિમેન્ટ દ્વારા સુખસર મુકામે ફતેપુરા તાલુકા ખાતે ''ગ્રાહક માર્ગદર્શન કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઘર બનાવનું પ્લાંનિંગ કરી રહેલા અને જેમનું બાંધકામ ચાલતું હોય તેવા ગ્રાહકો ને મજબૂત અને ટકાઉ બાંધકામ કઈ રીતે થઇ શકે તેની માહિતી આપવામાં આવી.

અંબુજા સિમેન્ટ દ્વારા ઘર માલિકો માટે મજબૂત ઘર બનાવવા માટે ''અંબુજા સર્ટિફાઈડ ટેકનોલોજી''નો કોન્સેપ્ત, આ કેમ્પના માધ્યમ થી ઘર માલિકો સુધી પોચાડવામા આવ્યો. જેમાં અંબુજા, અંબુજા પ્લસ, અંબુજા કવચ, અંબુજા કુલ વોલ અને સોલ્યૂશન જેવા કે ઘરનું પ્લાંનિંગ, કોન્ક્રીટ, મિક્ષ ડિઝાઈન, ક્યોરીંગ અને રેન વોટર હારવેસ્ટિંગની માહિતિ આપવામાં આવી.

આ કેમ્પમાં અંબુજા ના એન્જીનીર અક્ષયભાઈ ચૌહાણ, માર્કેટિંગ ઈન્ચાર્જ ગુંજન પરમાર અને ડીલર નિકુલભાઈ કલાલ (ગુરૂકૃપા ટ્રેડર્સ, મો.૯૪૨૭૦૫૬૦૩૫ ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ઘર માલિકો દ્વારા ખુબ જ સરસ લાભ લેવામાં આવ્યો હતો. આવો ઉમળકાભેર પ્રતિભાવ જોઈ અંબુજા સિમેન્ટ દ્વારા વધુને વધુ કેમ્પ યોજી ગ્રાહકને મજબૂત બાંધકામ બનાવવા જાણકારી આપવામાં આવી હતી.

# દાહોદના પટેલ રૂપનગર ખાતે રહેતા અને ફોજમાં ફરજ બજાવતા જવાનનું ટૂંકી માંદગી બાદ નિધન થતાં રાષ્ટ્રીય સન્માન સાથે અંતિમ વિધી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ભારતીય ફોજમાં ૧૬ વર્ષથી સેવા આપી રહેલા દાહોદના જવાનનું ટૂંકી માંદગી બાદ દાહોદમાં નિધન થતા પરિવારજનોમાં માતમ છવાઈ જવા પામ્યું હતું. જોકે, હાલમાં જ સંપન્ન થયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દાહોદ ખાતે ફરજ બજાવવા આવેલા સીમા સુરક્ષા બળના જવાનોએ મૃતક સાથી જવાનને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાઈ આપી હતી.

મૂળ ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના બારા ગામના મૂળ રહેવાસી અને હાલ દાહોદ શહેરના ફ્રી લેન્ડ ગંજ પરેલ રૂપનગર ખાતેના રહેવાસી વિજય બહાદુરસિંગના પુત્ર સંગ્રામસિંગ ૧૬ વર્ષ પહેલા ૨૦૦૬ ની સાલમાં ભારતીય સેનામાં માં ભારતીની સેવા કાજે ગયા હતા. જ્યાં હાલ તેઓ બિહારના બતીયા ૬૫ રેજિમેન્ટ ખાતે ફરજ બજાવી રહ્યા હતા. વિક્રમસિંહની ત્રણ મહિના પહેલા તબિયત લથડતા તેઓ રજા લઈ પોતાના ઘરે સારવાર માટે આવ્યા હતા. જ્યાં ટૂંકી માંદગી બાદ તેઓનો આજરોજ નિધન થયું હતું. પોતાના પરિવારમાં પિતા વિજય બહાદુર સિંહ, પત્ની પ્રતિભાસિંહ તેમજ બે પુત્રીઓ આર્વી તેમજ અનિષ્કાને રડતા બીલખતા મૂકી આ ફાની દુનિયાને અલવિદા કરતા પરિવારમાં માતમ છવાયું હતું. જોકે તેઓ સીમા સુરક્ષા બળમાં ફરજ બજાવતા હોવાથી તેઓની મરણ પામ્યાની જાણ સીમા સુરક્ષા બળના મુખ્યાલ્ય ખાતે કરવામાં આવી હતી. જેના પગલે હાલમાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ફરજ બજાવા આવેલા સીમા સુરક્ષા બળના જવાનોએ સંપૂર્ણ રાષ્ટ્રીય સન્માન સાથે તેઓને ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ વિદાય આપી હતી.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

**સંજેલી તાલુકાના પુષ્પ સાગર તળાવ કિનારે આવેલા સાંઈબાબાના મંદિર ખાતે સાંઈબાબાના મંદિરનો સાંઈબાબા સેવા સમિતિ સંજેલી દ્વારા વાર્ષિક પાટોત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સેવા સમિતિના સભ્યો સહિતના ભક્તો આસ્થાભેર જોડાયા હતા. વહેલી સવારે સાત વાગ્યે નિત્ય આરતી કાર્યક્રમ યોજાયો હતો. સંજેલી નગરના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે બાદ દ્વજારોહણ મહાઆરતી મહાપ્રસાદી અને લોક ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.**

# દે.બારીયાના સિવિલ હોસ્પિટલના કર્મીના વયનિવૃત સન્માન સમારભં યોજાયો

દે.બારીયા,

દે.બારીયાના સરકારી હોસ્પિટલના કર્મી જેઓ શંકરભાઈ જે.પટેલ જેઓ આ દવાખાનામાં પેદા થયા અને આ દવાખાનામાં ૧૦/૧૧/૧૯૮૧ના વર્ષમાં સીક્યુરીટી ગાર્ડના પદ ઉપર જોઈન્ટ થયા હતા. તેમના પિતા થતા મોટા ભાઈ પણ આ સરકારી દવાખાનામાં સેવા બજાવીને નિવૃત થયા હતા. શંકરભાઈ જે.પટેલ તા.૩૦/૧૧/૨૦૨૨ને બુધવારના રોજ વયમર્યાદાથી નિવૃત હોય તેમનો નિવૃત સન્માન સમારંભ તા.૧૦/૧૨/૨૦૨૨ને શનિવારના રોજ હોસ્પિટલના કંપાઉન્ડ જલારામ મંદિરના સામેના પટાંગણે સવારે ૧૦.૦૦કલાકે રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન માજી મંત્રી ઉર્વશી દેવી બાપુરાજ તેમજ તુષારસિંહ બાબાની ઉપસ્થિતીમાં યોજવામાં આવ્યો હતો. તુષારસિંહ બાબાના ઉદ્દબોધનમાં નિવૃતિ લેનાર કર્મીને ખૂબ શુભેચ્છા સહ તમામ મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના વિશેષ અતિથીઓમાં ડાૅ. વી.કે.વણકર (અધિક્ષક), ડાૅ. ભાવસાર તથા આર.એમ.ઓ.ના દ્વારા નિવૃતકર્મીને આગળ જીવન સુખમય વિતાવે તેવી શુભેચ્છા પાઠવી હતી. તેમાંજ રાજગઢના માજી ધારાસભ્ય લક્ષ્મણસિંહ પરમારે આ સ્ટેટ અને રજવાડી સમયનું હોસ્પિટલ છે અને તે સમયે પણ મોટા અને મુશ્કેલ ઓપરેશનો સકસેસમય બનાવનાર ડાૅક્ટરો હતા અને હાલમાં પણ ઘણા બધા ઓપરેશનો થતા હોય છે. તે પણ વખાણવા લાયક છે. નિવૃત્તિ લેનાર કર્મી જેઓ સારા વ્યકિતત્વ ધરાવનારા છે. જેથી તેઓ નિવૃતી બાદ પણ આ શહેરના હોસ્પિટલમાં સેવા આપ સે તમામ હાજરગણને આશા રાખીએ છે કે, જેઓ જલારામના ભક્ત છે. તો તેઓનું નિવૃત્તમય જીવન સુખયમ રીતે પસાર કરશે.

# દાહોદ જિલ્લામાં કોંગ્રેસના ગઢ ગણાતી બેઠકો પર કિલ્લો કડડભૂસ થઈ ગયો

## દાહોદ બેઠક પર કેટલાકને કદ પ્રમાણે વેતરવા જતાં પોતે જ કદ પ્રમાણે વેતરાઈ ગયા

દાહોદ બેઠક પર છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસનો કબ્જો હતો. જે બેઠક ભાજપે ૨૯,000 કરતાં વધુ મતોની જંગી લીડથી જીતી લીધી છે. આ બેઠક પર કોંગ્રેસના કેટલાક નેતાઓને પોતાના હાથના કર્યા હૈયે વાગ્યા છે. કારણ કે એકને કદ પ્રમાણે વેતરવા માટે જેનો ઉપયોગ કર્યો તેમણે જ તેવા નેતાઓને પણ કદ પ્રમાણે વેતરી નાખ્યા. પરિણામે ત્રણ ટર્મથી ચુંટાતા ધારાસભ્યની ટિકીટ કપાઈ ગઈ. બીજી તરફ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તેમજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાજપામાં જોડાઈ જતાં કેટલાક વિસ્તારોમાં કોંગ્રેસ રણીધણી વગરની થઈ ગઈ છે. ટિકીટ કપાતાં સ્વાભાવિક રીતે જ તેમના જૂથના કાર્યકર્તાઓમાં નિરાશા વ્યાપી ગઈ અને કેટલાક પ્રખર આયોજનકર્તાઓએ પણ કહેવા પુરતી કામગીરી કરતાં આખીયે વિધાનસભામાં કોંગ્રેસ કોઈ વ્યુહરચના ઘડી શકી નહી. બીજી તરફ ભાજપના ગત વખતના જ હારી ગયેલા ઉમેદવારને રીપીટ કર્યા હતા અને તેમણે ૨૦૧૭ની ચુંટણી હાર્યા પછી બીજા જ દિવસથી મતવિસ્તાર ખુંદવાનું શરૂ કરી દીધુ હતુ. તેવા સમયે ભાજપે તેમને જ એટલે કે કનૈયાલાલ કિશોરીને જ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની કમાન સોંપતા ૨૦ વર્ષ પછી દાહોદ તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો હતો અને વિસ્તારની ૬ માંથી ૪ જિલ્લા પંચાયતની બેઠકો પણ જીતી જતાં ગામડાઓમાં ભાજપ મજબુત બની ગઈ હતી. તે ટીમ વર્કનો ફાયદો ભાજપને થયો અને કોંગ્રેસને પોતાનો જ કકળાટ નડતાં આખોયે કિલ્લો કડડભુસ થઈ ગયો છે.અધુરામાં પુરૂ આમ આદમી પાર્ટીએ રહી સહી કસર પુરી કરી દેતાં કોંગ્રેસને માત્ર ૨૬ ટકા મત મળ્યા છે જે ભાજપ કરતા ૧૮ ટકા ઓછા છે.

દાહોદ,

દાહોદ જિલ્લામાં ભાજપે ક્લીન સ્વીપ કરી ૬ બેઠકો મેળવી છે.ત્યારે કોંગ્રેસનો ગઢ ગણાતી ત્રણ બેઠકો પર કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત કેમ થઇ ગયો તે જાણવું રસપ્રદ છે. કોંગ્રેસને મરણતોલ ફટકો પડ્યો છે. ત્યારે ગામડાંઓમાં પણ મતદારોને હવે કોંગ્રેસનો વિકલ્પ મળી જતાં કોંગ્રેસે આ ચુંટણીમાં બધુ જ ગુમાવવાનો વારો આવ્યો હોય તેમ લાગી રહ્યુ છે.

## ગરબાડામાં ભાજપાની રણનિતી અને આપમાં મતોના ધ્રુવીકરણે કોંગ્રેસને રોડ પર લાવી દીધી

ગરબાડા બેઠક પણ કોંગ્રેસની પેઢી ગણાતી હતી.અહીં સતત ત્રણ ટર્મથી કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ચુંટાતા હતા. જેમની સામે આ વખતે એન્ટીઈન્કમ્બન્સી પણ હતી.ઉપરાંત આમ આદમી પાર્ટીના ઉમેદવાર ૩૩ હજાર મત મેળવ્યા છે. જે કોંગ્રેસ કરતાં ૧000 જેટલા જ ઓછા છે.બીજી તરફ ભાજપે ગરબાડા તાલુકામાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ બહુમતીથી જીતી લીધી હતી.ઉમેદવારનું નામ ભાજપ જાહેર કરે તે પહેલાં જ જીલ્લા પંચાયતના અપક્ષ ચુંટાયેલા સભ્ય અને તેમની સાથેના તાલુકા પંચાયતના ત્રણ અપક્ષ સભ્યોને ભાજપે ભગવા પહેરાવી દઈ શાણપણ દેખાડ્યુ હતું.આ જિલ્લા પંચાયત વિસ્તારમાં જ ભાજપે ગૃહ મંત્રી અમિત શાહની ચુંટણી સભા ગોઠવી દેતાં માહોલ જામી ગયો હતો. ભાજપના ગત વખતના જ ઉમેદવારને રિપીટ કર્યા હતા, પરંતુ ગત વખતે સહેજમાં રહી ગયેલા ભાજપાના મોવડીઓએ આ વખતે કોઈ કસર રાખી ન હતી. ભાજપે કેટલાક રણનિતીકારોને બેઠકની ખાસ જવાબદારી સોંપતા છેવટે કોંગ્રેસ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. આ બેઠક પર પણ ભાજપે કોંગ્રેસ કરતાં ૧૯ ટકા મત વધુ મેળવ્યા છે.

## ૧૫-૧૫ વર્ષથી કબ્જામાં રાખેલી બેઠકો કેમ ગુમાવી તેના રસપ્રદ કારણો

## ઝાલોદમાં કોંગ્રેસને હાથના કર્યા જ હૈયે વાગતાં ત્રીજા નંબરે ધકેલાઈ ગઈ

તેવી જ રીતે ઝાલોદ બેઠક પણ કોંગ્રેસનો મજબુત ગઢ ગણાય છે. ૨૦૧૨માં આ બેઠક કોંગ્રેસે ૪૦ હજાર મતથી જીતી હતી. ત્યાર બાદ ૨૦૧૭માં ધારાસભ્ય સામે પ્રચંડ વિરોધ થતાં તેમને પડતાં મુકી આગલી રાતે કોંગ્રેસમાં આવેલા ભાજપાના પૂર્વ સાંસદના પુત્ર ભાવેશ કટારાને કોંગ્રેસે ટીકીટ આપી દીધી હતી.તેમ છતાં તેઓ ૨૫ હજાર મતથી વિજેતા થયા હતા. બીજી તરફ તેઓ આ વખતે તેમની ઘરવાપસી થઈ જતાં કોંગ્રેસને ફટકો પડ્યો હતો. તેમ છતાં કોંગ્રેસે ૨૦૧૨ બાદ ફરીથી ડો.મિતેશ ગરાસીયાને ઉમેદવાર બનાવતાં તાલુકાના કોંગ્રેસીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને ઉમેદવાર બદલવા માંગ કરી હતી પરંતુ તેમ ન થતાં તેઓ નિષ્ક્રિય થઈ ગયા હતા. પરિણામે કોંગ્રેસ હરિફાઈમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી અને ભાજપાની સીધી સ્પર્ધા આપ સાથે થઈ હતી અને કોંગ્રેસ ત્રીજા નંબરે ધકેલાઈ ગઈ છે અને કોંગેસને ફક્ત ૧૩.૬૭ ટકા જ મત મળ્યા છે.

# ઝાલોદના ચાકલીયા ગામે બોલેરો ગાડીને બાઈક ચાલકે અડફેટમાં લેતાં ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે એક બોલેરો ગાડીના ચાલકે એક મોટરસાઈકલના ચાલકને અડફેટમાં લેતાં મોટરસાઈકલના ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૬ ડિસેમ્બરના રોજ રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં કુશલગઢ તાલુકામાં કાચલા ગામે રહેતાં ભુરજીભાઈ મડસીયાભાઈ ડામોરના પુત્ર ઈલેશભાઈ ઉર્ફે નિલેશભાઈ ભુરજીભાઈ ડામોર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ અને તેમની સાથે અન્ય મોટરસાઈકલ લઈ નીકળેલ પરતુભાઈ વીરજીભાઈ ડામોર એમ બંન્ને મોટરસાઈકલ પર સવાર થઈ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે એક બોલેરો ગાડીના ચાલકે પોતાના કબજાની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ઈલેશભાઈ ઉર્ફે નિલેશભાઈ ડામોરની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં ઈલેશભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે ઈલેશભાઈને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવતાં ઈલેશભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.

આ સંબંધે મૃતક ઈલેશભાઈના પિતા ભુરજીભાઈ મડસીયાભાઈ ડામોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.94

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# શહેરા થી પાનમ ડેમ તરફ જતો ૩૦ ગામોને જોડતો રસ્તો બિસ્માર

- પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો વાહન ચાલકો હેરાન પરેશાન.
- ડામર રસ્તો પાછલા એક વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઈ રહયો.

શહેરા,
શહેરાના પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો એક વર્ષ ઉપરાંત થી અનેક જગ્યાએ તૂટેલો હોવા છતાં રસ્તો નવીન નહી બનતા વાહન ચાલકોનો આક્રોશ તંત્ર સામે જોવા મળી રહ્યો હતો. આ રસ્તો ૩૦ ગામોને જોડતો હોવા સાથે સંતરામપુર જવાનો ટૂંકો માર્ગ હોવા છતાં સંબંધિત તંત્રને રસ્તાને નવીન બનાવવા કે મરામત કરવામાં પણ કોઈ રસ નથી.

શહેરા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો બિસ્માર બની ગયો છે. પાનમ પાટીયા થી ગઢ થઈને પાનમ ડેમ સહિત ૩૦થી વધુ ગામોને જોડતો ડામર રસ્તો પાછલા એક વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઇ રહયો છે. ડામર રસ્તા ઉપર અનેક જગ્યાએ મસમોટા ખાડા પડી ગયા હોવાથી વાહનો ને પણ નુકસાન થતું હોય છે. આ રસ્તા ઉપર દિવસ અને રાત્રી દરમિયાન વાહનો ની સતત અવર-જવર રહેતી હોવા છતાં સબંધિત તંત્ર દ્વારા અહી કોઈ મોટી ઘટના બને તેની રાહ દેખી રહયુ હોય કે પછી શુભ મુહૂર્ત આવે ત્યારે રસ્તાની મરામતની કામગીરી કરશે કે શું ? અહીથી પસાર થતા વાહન ચાલકો માટે આ રસ્તો જોખમી રૂપ બનવા સાથે બાઈક સ્લીપ પણ ખાવાના બનાવો બની રહયા હોય ત્યારે કોઈ મોટી ઘટના અહી બને તે પહેલા સબંધિત તંત્ર પોતાની નૈતિક જવાબદારી સમજીને યુદ્ધ ના ધોરણે રસ્તાની કામગીરી કરે તે અત્યંત જરૂરી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

### પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકા બાસ્કા મુકામે આવેલ

## પોલીકેબ વાયર્સ પ્રાઈવેટ લિમિટેડ ના ચાર કર્મચારીઓને પુનઃ નોકરી પર લેવાનો નામદાર મજૂર અદાલત ગોધરાનો આદેશ

હાલોલ,
પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના બાસ્કા નૂરપુરા મુકામે આવેલ પોલીકેબ વાયર્સ મા તારીખ ૨૩/૯/૦૯ થી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા સંદીપ ગોહિલ તારીખ ૧/૪/૧૧ થી આસિસ્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા નિર્મલ પટેલ તારીખ ૬/૯/૧૦ પરચેસ ઓફિસ તરીકે ફરજ બજાવતા જીતેન્દ્ર પટેલ તેમજ તારીખ ૨૨/૧/૧૦ આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા પરિમલ પટેલ વગેરેને સંસ્થા દ્વારા કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાયગેરકાયદેસર રીતે આઈડી એક્ટર કલમ ૨૫એચ અને ૨૫ એફ નો ભંગકરી તારીખ ૨૨/૭/૧૬ના રોજ નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતાઆ તમામ કર્મચારીઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશના પ્રમુખ એ.એસ. ભોઈ દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારા અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા બાબતે નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ વિવાદ ઉપસ્થિત કરેલ જેમાં સંસ્થા દ્વારા આ ચાર કર્મચારીઓ ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરતા હોય તેઓ કામદારની વ્યાખ્યામાં આવતા નથી. તેઓને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હક નથી તેઓ લૂલો બચાવ કોર્ટ સમક્ષ લીધેલ જે બાબતે આ કર્મચારીઓ કામદારની વ્યાખ્યામાં આવતા હોવાના દસ્તાવેજો તેમજ નામદાર વડી અદાલત ના કેટલાક સાઈટેસનો આ કામે ફેડરેશને રજૂ કરી નામદાર મજુર અદાલ ગોધરા સમક્ષ ફેડરેશનના પ્રમુખ એ.એસ. ભોઈ તથા એડવોકેટ સીતેષ ભોઈ દ્વારા દલીલો કરવામાં આવતા અદાલતે બંને પક્ષકારોની દલીલો સાંભળી નામદાર મજુર અદાલત ગોધરાના ન્યાયાધીશ એચ.એમ. મકો આ ચાર અરજદારો કામદારની વ્યાખ્યામાં આવતા હોય તે બાબતના પુરાવાઓ ધ્યાને લઈ અરજદારોને તેમની મૂળ જગ્યાએ સંસ્થાને પુનઃસ્થાપિત કરવા નો આદેશ ફરમાવેલ છે. જે આદેશથી લાંબા સમય બાદ આ કર્મચારીઓ પોતાની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવાના હકદાર બને છે.

## નવાગામ પાસે કરાડની સબમાઈનોર કેનાલમાં ગાભડું પડતા અમૂલ્ય પાણીનો વેદફાટ : તંત્ર ઘોરનિંદ્રામાં


ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના નવાગામ પાસે આવેલી કરાડ નદીની મુખ્ય કેનાલ માંથી નીકળતી સબ માઈનોર કેનાલમાં ગાભડું પડતા હજારો ગેલન પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જેના કારણે ખેડૂતો પાણીથી વંચિત રહી જાય છે. નહેરના પાણી ગામમાં આવતા ગટરના ગંદા પાણીમાં કેનાલના પાણી ભેગાં રસ્તા ઉપર પાણી ફળી વળ્યા હતાં.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

નવાગામ પાસે આવેલ કરાડની સબ માઈનોર કેનાલમાં સાફસફાઈનો અભાવ જોવા મળે છે. કેનાલમાં ગાભડું પડવાના કારણે પાણી ગટરોમાં વહી જાય છે. ત્યારે પાણી માટે ખેડૂતો વલખાં મારી રહ્યા છે. ગાભડું પડવાથી રસ્તાના એક છેડે થી બીજા છેડે પાણી પહોંચી ન શકતા રસ્તાની સામે તરફના ખેડૂતો પાણી થી વિંચિત રહી જાય છે. એક તરફ પાણી બચાવ માટે જંબેસ ચાલી રહી છે. ત્યારે કરાડ કેનાલ વિભાગના અણઘડ વહીવટના કારણે હજારો ગેલન પાણી વેસ્ટ ગટરોમાં વહી રહ્યુ છે.

## નવાગામમાં PWD દ્વારા નવીન બનાવવામાં આવી રહેલા RCC રોડમાં ગેરરીતી આચરતા હોવાની લોક બૂમ

ઘઘોંબા,
ઘોઘંબા તાલુકાના નવાગામ અને કણબી પાલ્લી વચ્ચે માર્ગ મકાન વિભાગ દ્વારા RCC અને ડામર રોડ બનાવી રહ્યા છે. જેમાં નવાગામ અને કણબી પાલ્લી વચ્ચે RCC રસ્તો બનાવવાનું કામ ચાલી રહ્યું છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા ગેરરીતી આચરવામાં આવી રહી હોવાની લોક બુમ ઉઠવા પામી છે. રોડમાં જોઈતા પ્રમાણમાં લેવેલિંગ મેટલ તથા ડિઝાઈનની ઝાળી પાથરવામાં વચ્ચે વચ્ચે જગ્યા છોડવામાં આવી હતી. ઘણી જગ્યા ઉપર રેતી સિમેન્ટના માલમાં પાણીનું પ્રમાણ વધુ પડતું જોવા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

મળતું હતું. તેમજ ઘણી જગ્યા ઉપર માટી ઉપર માલ પાથરવામાં આવ્યો હોય તેવું પ્રાથમિક નજરે લાગી રહ્યું હતું. પાણીની અવરજવર માટે પણ કોઈ જગ્યા છોડવામાં આવી ન હતી. તદ્દઉપરાંત બનાવવામાં આવેલ નાડાની દિવાલમાં તીરાડ પડી હોવાની લોક ફરિયાદો ઉઠી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, RCC રોડનું કામ ચાલુ છે. ત્યાં કોઈ સુપરવાઈઝર કે સરકારી કર્મચારીની ગેરહાજરી જોવા મળી હતી લાખો રૂપિયાના વિકાસના કામ માત્ર મજૂરોના ભરોસે છોડવામાં આવ્યું હતું. રસ્તાની ભરાઈ અંગે મજૂરોને કોઈપણ માહિતી ઉપલબ્ધ કરાવાઈ નથી. સુપરવાઈઝરની પાસે પણ ટેન્ડરની પ્રક્રિયા વિગતો ન હોવાનું મજૂરો પાસેથી જાણવા મળ્યું હતું. જેના કારણે સરકારી ધારા ધોરણ મુજબ રસ્તાનું કામ થતું ન હોવાની લોગ બુમ ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

## શહેરા અણીયાદ ચોકડી પાસે વધતા જતા દબાણો દુર કરવા જીલ્લા કલેકટર આદેશ કરે તેવી માંગ

શહેરા,
શહેરા નગરમાં અણીયાદ ચોકડી વિસ્તારમાં વધતા જતા દબાણો સામે પાલિકા સહિતનું સબંધીત તંત્રને કાર્યવાહી કરવામાં કોઈ રસ નથી. જાહેર માર્ગ ને અડીને કાચા પાકા દબાણો વધી રહ્યા હોય ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા દબાણો દૂર કરવા માટે આદેશ કરવામાં આવે તે પણ જરૂરી છે.

શહેરા નગરમાં અણીયાદ ચોકડી વિસ્તારમાં દિન પ્રતિ દિન વધતા જતા દબાણોને લઈને રસ્તાઓ ટૂંકા બનતા જાય છે. દુકાનદારો દ્વારા પાકા ઓટલાઓ અને દુકાનની અગાડી હાથલારીઓ ઊભી કરવામાં આવતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકો ને ભારે તકલીફ પડતી હોય છે. રસ્તાના અડીને જ નાના-મોટા કાચા પાકા દબાણો બાબતે પાલિકા સહિતનુ સબંધિત તંત્ર જાણતું હોવા છતાં આ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં કોઈ રસ ના હોય તેમ લાગી રહ્યું છે. એક તરફ વધતા જતા અડચણરૂપ દબાણો બીજી તરફ ખાનગી વાહનો મુસાફરોને બેસાડવા માટે રસ્તાને અડીને ઉભા રહેતો હોય તેના કારણે ત્યાંથી પસાર થતા નાના મોટા વાહન ચાલકો હેરાન પરેશાન થતા હોય છે. સંબંધિત તંત્ર આ સામે મીઠી નજર રાખવાની જગ્યાએ આ સામે કડક કાર્યવાહી કરે તેમ જાગૃત નાગરિકો પણ ઈચ્છી રહ્યા છે.

## ગોધરાની ઘી ઈકબાલ પ્રા.શાળામાં યોજાયો ગણિત- વિજ્ઞાન મેળો




ગોધરા,
સપના એ નથી જે તમે ઉંઘમાં જુઓ છો, સપના તો એ છે જે તમને ઉંઘવા ન દે ''આ શબ્દો છે'' મિસાઈલ મેનના' હુલામણાથી જાણીતા વૈજ્ઞાનિક ડો.એ.પી.જે. કલામ ના. આ શબ્દોને ચરિતાર્થ કરી બતાવ્યું છે. ગોધરાની ઘી ઈકબાલ પ્રાથમિક શાળાના બાળકોએ. અત્રેની શાળામાં આચાર્ય ઈદરીસ બડંગાની હાજરીમાં ગણિત-વિજ્ઞાન શિક્ષકઓના માર્ગદર્શન હેઠળ ધોરણ ૦૮ના બાળકોએ ગણિત-વિજ્ઞાન મેળામાં ઉત્સાહ સાથે ભાગ લઈ ૧૨ જેટલી વિવિધ કૃતિઓ તૈયાર કરી હતી.

આજના ગણિત-વિજ્ઞાન મેળામાં શાળાના પ્રમુખ અનવર સિંધી, સેક્રેટરી ઘંત્યા મેહફૂઝ તથા આચાર્ય દ્વારા બાળકોએ તૈયાર કરેલ વિવિધ કૃતિઓનું સુક્ષ્મ નિરિક્ષણ કરી શ્રેષ્ઠ કૃતિઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## હાલોલ તાલુકામાં બે અપમૃત્યુના બનાવોમાં બે ના મોત

હાલોલ,
હાલોલ તાલુકામાં અપમૃત્યુના બે બનાવોમાં એક શિક્ષક સહિત બેના મોત નીપજયાં છે. જેમાં પાલનપુર ગામે નદી કિનારે કુદરતી હાજતે જતા યુવાનનુ પાણીમાં પગ લપસતા ડુબી જતા તથા ઈન્દ્રાલ ગામની પ્રાથમિક શાળામાં ચકકર આવતા પડી ગયેલ શિક્ષકનુ મોત નીપજ્યું હતુ.

જેમાં પહેલા બનાવમાં હાલોલ તાલુકાના પાલનપુર ગામે ટેકરી ફળિયામાં રહેતા ૩૫ વર્ષિય જયેશભાઈ રતનભાઈ પરમાર ગામમાં આવેલ નદીના કિનારા પર કુદરતી હાજત કરવા ગયા હતા દરમિયાન તેઓનો પગ લપસી જતા તેઓ નદીના ઉંડા પાણીમાં ગરકાવ થતા ડુબવા લાગ્યા હતા. જેમાં તેઓને તરતા ન આવડતા પાણીમાં ડુબી જતા શ્વાસ રૂંધાઈ જવાને કારણે મોત નીપજયું હતુ. જયેશભાઈના મૃત્યુથી ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ અંગે શિવરાજપુર આઉટ પોસ્ટ ખાતે જાણ કરાતા પાવાગઢ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને મૃતદેહને બહાર કાઢી હાલોલ પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોને સોંપ્યો હતો. અને પાવાગઢ પોલીસે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

જયારે બીજા બનાવમાં હાલોલના કેસરપુરાની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા અને મુળ સુરત-માંડવીના રતનીયા ગામે રહેતા ચૌધરી જીગ્નેશકુમાર ગમનભાઈ ફરજ દરમિયાન પેશાબ કરવા ગયા હતા તે વખતે અચાનક જ ચકકર આવતા પડી જતા તેઓ બેભાન થઈ જતા તાત્કાલિક તેઓને હાલોલની રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લવાતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગેની જાણ હાલોલ રૂરલ પોલીસ મથકે શાળાના શિક્ષક હસમુખભાઈ ભુરજીભાઈ પાંડવે કરતા પોલીસે બનાવ અંગે અકસ્માત મોત નોંધી આગળ તપાસ હાથ ધરી હતી.

## ગોધરા બામરોલી રોડ ખાનગી પાર્ટી પ્લોટમાં લગ્નપ્રસંગમાં કાર તોડી ૧.૫૨ લાખના દાગીનાની ચોરી

ગોધરા,
ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલા ખાનગી પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગે આવેલા વ્યકિતની કારનો કાચ તોડીને અજાણ્યા તસ્કરોએ સોના-ચાંદીના દાગીના સહિત રૂ.૧.૫૨ લાખની મત્તાની ચોરી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેરના ગંગોત્રીનગર સોસાયટીમાં રહેતા અને વડોદરા ખાતેથી સ્થાયી થયેલા પાર્થ મુકેશભાઈ શાહે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ અનુસાર જેમાં તેઓ ૮ તારીખે મિત્ર કલ્પના શાહના લગ્નપ્રસંગે કાર લઈને આવ્યા હતા. ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલ પાર્ટી પ્લોટ ખાતે લગ્નનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. તેઓ પાર્ટી પ્લોટના પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી લગ્ન મંડપમાં ગયા હતા બાદમાં તેઓ પોતાની પુત્રીના ગરમ કપડા લેવા માટે કાર તરફ આવતા કારના દરવાજાનો કાચ તુટેલી હાલતમાં જોવા મળ્યો હતો. તેમજ ગાડીના પાછળના ભાગે મુકેલા ૮ થી ૧૦ જોડી કપડા, મેકઅપનો સામાન, સોના-ચાંદીના દાગીના તેમજ બ્રાન્ડેડ ઘડિયાળ મળીને કુલ રૂ.૧.૫૨ લાખની મત્તાનો સામાન ચોરી થઈ ગયો હોવાનુ સામે આવ્યુ હતુ. સમગ્ર બનાવ અંગે ગોધરા શહેર એ-ડીવીઝન પોલીસે તસ્કરોની ભાળ મેળવવાની દિશામાં કવાયત હાથ ધરી છે.

## કાલોલના ખડકી પીંગળીની મુવાડી ગામે ૨૨ વર્ષીય પરણિતાએ સાસરીયાના ત્રાસ થી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ફરિયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના ખડકી પીંગળીની મુવાડી ગામની પરણિતા ૨૨ વર્ષિય પરણિતાને સાસરીયા અને પતિએ ત્રાસ આપતાં મનમાં લાગી આવતાં ઘરના પાછળના ભાગે ઘરના પાછળના ભાગે છતના વળા ઉપર સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ખડકી પીંગળીની મુવાડી ગામની પરણિતા અનિતાબેન હિતેશભાઈ પટેલ ઉ.વ. ૨૨ને આરોપીઓ હિતેશ સુરેશભાઈ પટેલ અને સાસરીયાએ ઘરકામ બાબતે અવારનવાર શારીરિક માનસીક ત્રાસ આપીને હેરાનગતિ કરતાં અનિતાબેન પટેલને મનમાં લાગી આવતાં તા.૮ ડિસેમ્બરના રોજ સવારના સમયે ઘરના પાછળના ભાગે બનાવેલ પતરાની અડાશમાં ઘરના છતના વળા ઉપર સાડી બાંધી પોતાની જાતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મોતને વ્હાલું કરી લેતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકો મોટી વરલાવવાના પિયરપક્ષ દ્વારા હિતેશ સુરેશભાઈ પટેલ, સુરેશ ભયજીભાઈ પટેલ, રાજુબેન સુરેશભાઈ પટેલ, કિંજલબેન સુરેશભાઈ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા આઈ.પી.સી.૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના કંકુથાંભલા ગામે ડમ્પરના બ્રેક જામ થઈ જતાં આગ લાગતા નુકસાન

ગોધરા,
ગોધરા કલ્યાણા ગામે રહેતા સુરેશભાઈ ત્રિકમભાઈ વસાવા હાઈવા ડમ્પરમાં કાળી રેતી ભરીને કંકુથાંભલા ગામે જવા નીકળ્યા હતા. ત્યારે અભરામ પટેલના મુવાડા નજીક ડમ્પરના પાછળના ટાયરના બ્રેકના લાઈનર જામ થઈ જતા આગની ઘટના બની હતી. જેમાં ડમ્પરના ૧૩ ટાયર અને બે જેટલી બેટરી બળીને ખાખ થઈ જવા પામી હતી. આ અંગે સુરેશભાઈએ ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.


ગોધરા તાલુકાના કબીરપુર ગામે ખેતરમાં કુવામાં મગરનું બચ્ચું કુવામાં ખાબકતા એનમલ ટીમે રેસ્કયુ કરી નર્મદા કેનાલમાં છોડી મુકવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કબીરપુર ગામે ખેતરમાં આવી પર્હોચેલ મગરનું બચ્ચું કુવામાં ખાબકયુ હતું. કુવામાં પડેલ મગરના બચ્ચાને ફ્રેન્ડસ ઓફ એનીમલ ટીમે મગરના બચ્ચાને કુવા માંથી બહાર કાઢી નર્મદા કેનાલમાં છોડવામાં આવ્યું.